R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 6
September - 2013

## ચિત્ત તુ શીદને ચિંતા કરે - કૃષ્ણને કરવું હોય તે કરે

કોઈ રડે એનો વાંધો નથી. પણ રોતલ હોય એનો વાંધો છે. એક ચિંતકના શબ્દોમા કહીએ તો ઊઠે ત્યારે ઉઠમણું અને બેસે ત્યારે બેસણું. આવા માણસો મને અંદરથી ગમતા નથી.

જીવનતો ખુલ્લે-ખુલ્લો સ્વીકાર માગે છે. કોઈપણ પરિસ્થિતિ હોય માણસે એનો મુકાબલો કરવો જોઈએ. હસી કાઢવું અને હસતા રહેવું એ જીવનનો ધ્રુવમંત્ર.. રજનીશજી વારંવાર તેના પ્રવચનમાં કહેતા. લાફટર ઈઝ માય રિલિજિયન. જલસા શબ્દ એ મારો તકિયા કલામ છે. દેવદાસની જેમ ઉદાસ થવાનો કોઈ અર્થ નથી. ન્યુરોરિક પર્સનાલિટી માણસને કોઈનો રહેવા દેતો નથી. કેટલાંકનાં ડાચાં એવા દિવેલિયા હોય છે કે એમને જોઈએ તો આપણા મનમાં નકારાત્મક સ્પંદન જાગે. ખાટી છાશ પીધી હોય એવા ચહેરા લઈને ફરવાનો શો અર્થ ? કાંટાના વનમાં મહાલવાને બદલે દ્રાક્ષના મંડપમાં બેઠા હોઈએ એવી અંદરની બાદશાહીથી રહેવાનો આનંદ અનેરો હોય છે. કરમાયેલા ચહેરાઓ જો અરીસા સાતે મસલત કરે તો અરીસામાં યે તડ પડી જાય.

આપણને આપણામાં ભરોસો નથી. પરમાત્મામાં શ્રદ્ધા નથી. સલામતીના વિચાર કરવાથી કોઈને સલામતી મળી હોય એવું જાણ્યું નથી. વિચારને બદલે આચાર રસ્તો હોય અને પગ પણ હોય. છતાં ચાલવાની તૈયારી ન હોય તો રસ્તો અને પગ બંને નકામા છે. દરેક માણસને ક્યાંક ને ક્યાંક ઓછપ વર્તાય છે. મન કાયમનું ભિક્ષાપાત્ર છે. કેટલાક માણસોનાં મન સ્વભાવે માંગણ જેવા હોય છે. માગણ જેવા માણસો અંદરથી ભિખારી અને ગર્ભદરિદ્ર હોય છે.

માણસે ચિંતા કરવાને બદલે. ચિંતન કરવું જોઈએ. આસ્થા વિશ્વાસ અને સંકલ્પ શક્તિથી આપણા ભાગ્યને પણ બદલી શકાય છે. ચિંતા કરવાને બદલે સક્રિય પ્રાર્થના કરવી જોઈએ. અથવા દયારામની જેમ કહેવું જોઈએ. **ચિંત્ત તુ શીદને ચિંતા કરે - કૃષ્ણાને કરવું હોય તે કરે.**

2nd Cover Page



# SHREE BALASINOR NAVYUVAK SANGH

Circular No. 3/2013 7th August 2013

## APPEAL

### SIX DONORS OF ₹25 LAKHS FOR SIX UNITS



2 YEAR PROJECT

It gives us immense pleasure to acknowledge the donor for Rs 1 crore who responded spontaneously to our appeal made in July, 2013 edition of Jyoti Punj for acquiring a community hall for Balasinorians in the city of Mumbai..

The path has been made easy but the goal is yet to be reached. In order to achieve the goal of acquiring a community hall and as per our last circular regarding various other schemes for the balance fund of Rs. 2.75 crore.


**We propose the following:**

**A scheme of inviting donations in multiples of Rs 25 lakhs i.e six units of Rs. 25 lakh each. Each donor will be honored with a name embossed along with the photo as per donor's wish, which is to be framed in the community hall for the patrons to offer their heartfelt gratitude.**

*'We only have what we give.'*

**PRESIDENT**
Kalpesh S. Dharia
(Balbal)
M : 9820183907

**HON. SECRETARY**
Bhavesh B. Mody
M : 8879422304



Propossed Community Hall

**For any information contact following persons:**

Rajnikant K.Kadakia (Dhariwala)
M:+91 9820616469

Kalpesh.S.Dharia(Balbal)- President
M:+91 9820183907

Pravinchandra.K.Shah (P.K.)
M:+91 9821575238

Bhavesh B. Mody(Thasrawala)- Secretary
M:+91 8879422304

Daxesh.B.Kadakia (Latkari)
M: +91 9833176158

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૦૬ | ૨૦-૦૯-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી

જીગર કડકીઆ / બંકિમ પરીખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# મોસમ છલકે છે તહેવારોની !

**બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

માનવ એક સામાજીક પ્રાણી છે. તે એકલો રહી શકતો નથી. સહવાસ ઝંખે છે, અને એટલે જ તે સાથે રહે છે, કુટુંબમાં રહે છે. તેને હંમેશા શોધ રહે છે આનંદ મેળવવાની. માનવી પોતે જ પોતાના આનંદનો નિર્માતા છે. ઘણા નિજાનંદમાં રહે છે. ઘણા કુટુંબ તથા સમાજમાંથી આનંદ પ્રાપ્ત કરે છે, ઘણાં કુદરત પર આફરીન પોકારી જાય છે અને આનંદ લૂંટે છે. આ સૌને આનંદ આપે છે. આપણા લોકપ્રિય તહેવારો.

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું અદ્કેરું મહત્વ છે. આપણા રાષ્ટ્રીય, સામાજીક, ધાર્મિક તહેવારો જ આપણી આગવી ઓળખ છે. આપણે સૌ આ તહેવારો ખૂબ જ આનંદ ઉલ્લાસ પૂર્વક ઉજવીએ છીએ. તહેવારો જ માનવીના જીવનમાં નવો રોમાંચ, નવો ઉત્સાહ ભરી દે છે. તહેવારો જ માણસની ચિંતા, પરેશાની, તકલીફોમાં મોકળાશ લાવવાનું કાર્ય કરે છે. તહેવારો એટલે સુખ આપનારા ઉત્સવો. માણસને નવું જીવન જીવવાનો માર્ગ આપે છે. તહેવારો જ સમાજમાં એકતા, ભાઈચારો લાવે છે. સર્વત્ર આનંદ, પમરાટ, સુખની રસલ્હાણ આપે છે. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. શ્રાવણ મહિનામાં જ ભગવાન શિવ અને વિષ્ણુની ભક્તિ, પૂજા, અર્ચનાની રંગત જોવા મળે છે. શ્રાવણમાસમાં ભાવિકો શિવલીંગ પર ગંગાજળ, દૂધ, દહીં, પંચામૃત, શેરડીનો રસ વગેરેનો અભિષેક કરે છે. શ્રાવણ મહિનાના સોમવારે ચોખા, કાળાતલ, મગ, જવ, અર્પણ કરવાનો મહિમા છે. કલ્યાણકારી શિવજીના મુખ્ય બાર જ્યોતિર્લિંગની ભાવભક્તિ પૂર્વક પૂજા, અર્ચના, દર્શન વગેરેનું આ

માસ દરમ્યાન વિશેષ મહત્વ રહે છે. દેવ - દાનવોના સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત થયેલું વિષ મહાદેવજીએ સ્વીકાર્યું અને કંઠમાં ધારણ કર્યું. આથી જ તો તેઓ નીલકંઠ કહેવાય છે. વિષ થી ઉત્પન થયેલ અસહ્ય ગરમાહટને દૂર કરવા શિવલિંગ પર બિલીપત્ર ચઢાવવાનો મહિમા છે. ઘણા પોતાના આરોગ્યની સુખાકારી માટે બિલીપત્રનો રસ પીએ છે. શ્રાવણમાં સર્વ શિવાલયો શણગારાય છે. રોશની કરાય છે. બાલાસિનોરનું કેદારેશ્વર મહાદેવ મંદિર અત્યારે સોળે કળાએ ખીલી ઊઠે છે.

એવી જ રીતે ગોકુળ, મથુરા, વૃંદાવન, દ્વારકા, નાથદ્વારા, બાલાસિનોર, ડાકોર, શામળાજી વગેરે શ્રીજીની સેવામાં તરબોળ થઈ જાય છે. સર્વત્ર મંદિરો, હવેલીઓ, ઘર-મંદિરો શણગારાય છે. રંગબેરંગી તોરણો, લાઈટો લગાડાય છે. હિંડોળા ઉત્સવ દરમ્યાન ઠાકોરજીને સૂકામેવા, ફૂલ, ફળ, શાકભાજી, પાન, મોતી, રત્નો, આભલા, લટકણ વગેરે થી શણગારેલા હિંડોળામાં ઝૂલાવાય છે. પવિત્રા અગિયારસ-બારસ ના વધામણા કરવા વૈષ્ણવો ભાવભીના પવિત્રા ધરાવે છે. વહેલી પરોઢ થીજ ફૂલઘર, શાકઘર, પાનઘર, દૂધઘર વગેરે વૈષ્ણવોની સેવાથી રમમાણ થઈ જાય છે. પવિત્રા અગિયારસના હિંડાળાના દર્શનાર્થે હૈયેહૈયું દળાય એવી ભીડ ઉમટી પડે છે. પોતાના ગુરુજીને, ગુરુવર્ય ને પ્રેમરૂપી પવિત્રા અર્પણ કરવામાં આવે છે. ભજન, કિર્તન, ધોળ, શંખનાદ, વાજિંત્રો ના ગુંજારવ સમગ્ર વાતાવરણને પવિત્ર અને ભક્તિમય બનાવી દે છે. શ્રી ગોકુલનાથ કી જયનો જયઘોષ અંતરપટના દ્વાર ખોલી દે છે.

સમગ્ર દેશમાં ભક્તિની સાથે સાથે શૂરતા, અને વીરતાના પરાક્રમભાવ દર્શાવતા પ્રયોગો ૧૫ ઓગસ્ટની પરેડ દરમ્યાન નજરે પડે છે. અત્યાધુનિક શસ્ત્રો, કરતબો, દેશની ભક્તિનું જોમવંતુ પ્રદર્શન આ પરેડમાં ભાગલે છે, આપણો રાષ્ટ્રધ્વજ, ત્રિરંગો લાલકિલ્લા પરથી વડાપ્રધાનના હાથે લહેરાવાય છે. ફક્કડ થઈને સૌ ત્રિરંગાને સલામી આપે છે. પૂરી આન-બાન-શાન થી આખા ભારતવર્ષમાં આની ઉજવણી થાય છે. વિદ્યાર્થીઓને સ્વતંત્રતાના પાઠ શિખવવાનો સોહામણો આ અવસર એટલે ૧૫મી ઓગસ્ટ.

ભાઈ-બહેનના અતૂટ પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધન. શ્રાવણ સુદ પૂનમના આ તહેવાર સમયે ધરતીપર સર્વત્ર હરિયાળી અને આનંદનું વાતાવરણ દૃષ્ટિગોચર થાય છે. ભાઈ-બહેનના પવિત્ર સ્નેહસમી રાખડી બહેન ભાઈના કાંડા પર બાંધે છે. આમાં બહેનનો ભાઈ માટે નિસ્વાર્થ પ્રેમ સમાયેલો હોય છે. રાખડી બાંધતી વખતે બહેન અંતરના ભાવ રજૂ કરી પોતાના ભાઈના સદાસર્વદા રક્ષા માટે ઈશ્વરને યાચના કરે છે. રાખડીથી સજાવેલ હિંડોળાના દર્શન કરવા એ પણ સુંદર લ્હાવો છે. પ્રભુને રાખડી ધરાવવામાં આંતર-બાહ્ય સુરક્ષાનો ભાવ છુપાયેલો હોય છે. બ્રાહ્મણો યજમાનના ઘરે જઈ રાખડી બાંધે છે અને પોતાના યજમાનની સુરક્ષા માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે. બ્રાહ્મણો અને અન્ય જ્ઞાતિના લોકો નદી, તળાવ, સમુદ્ર કિનારે સૂર્યનારાયણની સમક્ષ જનોઈ બદલાવે છે. બટુકો આજના દિવસે નવી યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરે છે. આજના દિવસે સમુદ્રની પણ ખાસ પૂજા કરવામાં આવે છે. દરિયાલાલને દેવ માનનારા લોકો તથા નાવિકો અને ખારવા લોકો દરિયામાં શ્રીફળ, સોપારી, પંચામૃત વગેરે પધરાવી પૂજા કરે છે. ભાવિકો પોતાની હોડીઓ, માલસામાન અને હોડી દ્વારા મુસાફરી કરનારા લોકોની રક્ષા માટે, ઈશ્વર સમક્ષ પ્રાર્થના કરતા હોય છે. આ દિવસે નાવિકો તથા ખારવા લોકો પોતાની હોડીઓ, વહાણની પણ પૂજા કરતા હોય છે. હે દરિયાલાલ

તમારો તટ હંમેશા સુરક્ષિત બનાવી રાખજો તેવી યાચના કરતા હોય છે.

શ્રાવણી તહેવારોમાં અન્ય જ્ઞાતિના લોકો બોળચોથ, નાગપંચમી, રાંધણ છઠ, શીતળાસાતમની ઉજવણી કરતા હોય છે. શ્રાવણ મહિનાની શરૂઆતથી જ જેની રાહ જોવાતી હોય છે તે અતિ પ્રિય દિવસ એટલે જન્માષ્ટમી.

કૃષ્ણ એટલે આકર્ષણ. સાડા પાંચ હજાર વર્ષ વીતી ગયા છતાં હાજરાહજૂર હોય તેવું ખેંચાણ, બંધાણ પોતાના લીલાધર માટે, શામળિયા માટે પૂર્ણ પુરુષોત્તમ માટે. મનુષ્યદેહે ધરતી પર જન્મ ધારણ કરી જીવનની પરાકાષ્ઠાને પામી છે. અનંત શ્રધ્ધા અને પ્રેમના રાહ ચીંધ્યા છે. શાસ્ત્રો કહે છે, રામ કરે તેમ કરો, અને કૃષ્ણ કહે તેમ કરો. તેમાં જીવનનું સાફલ્ય છે. માંગલ્ય છે.

હે કૃષ્ણ! હે અનન્તરૂપ! હે અચ્યુત! હે અરિસૂદન! હે કેશવ! હે ગોવિંદ! હે જગત્પતિ!

જો નીલપર્વત જેટલું કાજળ હોય, મહાસાગર જેવડો ખડિયો હોય, કલ્પવૃક્ષના ડાળની કલમ હોય, પૃથ્વી જેવડો કાગળ હોય અને એ બધું લઈને તેના વડે સાક્ષાત્ સરસ્વતી સદાકાળ લખ્યા કરે તો પણ હે નાથ! આપના દિવ્ય ગુણોનો પાર આવે નહી.

આ જગતના નાથના જન્મની વધાઈ આપવા હરખઘેલી બનેલી સુનંદા દોડતી નંદબાવા પાસે પહોંચી જાય છે.

નંદબાવાના મુખારવિંદમાં પેંડો મૂકતા કહે છે.

भैया, तिहारे वहाँ लल्ला भयो है।

નંદબાવાના ઘેર આનંદ છવાઈ જાય છે. વાયુવેગે વાત પ્રસરતાં આખું ગોકળિયું કનૈયામાં રમમાણ થઈ જાય છે. શાંડિલ્યમુનિને, બ્રાહ્મણોને આમંત્રણ અપાય છે. ઉદાર હૃદયે ખાન, પાન, ગાન, તાન અને દાનની ગંગા વહેતી થાય છે. નંદબાવા બે લાખ ગાયો દાનમાં આપે છે. દરેક ગાયના શિંગડાં સોનાથી મઢેલાં, રૂપાની ખરીઓ, ગળામાં સોનાની ઘંટડી, ચારેય પગમાં સોનાના ઝાંઝર, રેશમી વસ્ત્ર ઓઢાડીને, હળદળના થાપા લગાડી બ્રાહ્મણોને આપે છે.

હાથી દિયા, ઘોડા દિયા ઔર દિયા પાલખી

બ્રાહ્મણો, સૂત, માગધ, બંદીજન સૌ સ્તુતિ કરવા લાગે છે. આર્શિવાદ આપવા લાગે છે અને સૌ ગાવા લાગે છે..

જય કનૈયા લાલ કી...

નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી...

જૈન ધર્મમાં ઉજવાતો પર્યુષણ પર્વ શ્રાવણ - ભાદરવા દરમ્યાન આવે છે. પર્યુષણ એટલે આત્માની નજીક રહેવું. મનના પ્રદુષણને દૂર કરવાનું કાર્ય પર્યુષણ કરે છે. જૈન ધર્મનો પાયો તેનાં પાંચ મહા વ્રતો છે.

(૧) અહિંસા (૨) સત્ય, (૩) અચૌર્ય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ. જૈનધર્મના ચાર ફિરકાના લોકો સાથે મળીને આ મહાઉત્સવ ઉજવે છે.

મહાઉત્સવ ગણેશોત્સવને રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ આપ્યું લોકમાન્ય બાલ ગંગાધર તિલકે. કોઈપણ શુભ પ્રસંગ હોય ત્યારે સૌ પ્રથમ ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. માણસ વિદ્યા આરંભે, વિવાહમાં, ગૃહપ્રવેશ, સભાપ્રવેશ, કોઈ મોટા માણસને મળવા જવામાં, યાત્રામાં, સંગ્રામમાં લડાઈમાં અને ગમે તેવા સંકટના સમયમાં ગણપતિના નીચેનાં બાર નામનો પાઠ કરે તો સર્વ વિઘ્ન દૂર થઈ પોતાનું કાર્ય પૂર્ણ કરે છે.

સુમુખ, એકદન્ત, કપિલ, ગજકર્ણક, લંબોદર, વિકટ, વિઘ્નનાશ, વિનાયક, ધૂમકેતુ, ગણાધ્યક્ષ, ભાલચંદ્ર અને ગજાનન. આ બાર નામનું સ્મરણ કરવું.

**(ક્રમશ)**

**છાયડો સૌને મળે એવો અજવાસ આપ !**
**પંખી ને ઉડવા મળે એવો અવકાસ આપ !**

# જીવનનો રસોત્સવ

- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)

**સુંદર સવાર ને ઝંકારવાની વેળ હશે**
**સૂરની સાથે કલાનો મેળ હશે.**
**આપણી સૌ વચ્ચે બીજુ કશુ નહી હશે**
**એક નાતો હશે અને નિર્ભય હશે.**

**- મકરંદ દવે ...**

આ વિશાળ બ્રહ્માંડમાં આપણી પૃથ્વી છે. જ્યાં જીવન ધબકે છે આ પૃથ્વી પર આપણો ભારત દેશ આવેલો છે. જ્યાં અનેક ધર્મ પરંપરા છે. અનેક સંસ્કૃતિ ધબકે છે. આપણી આસ્થા ધબકે છે. આ ધબકવું જ જીંદગીનું પ્રમાણ છે. જ્યોતિપુંજના ગયા અંકમાં ૬૨માં વાર્ષિક રસોત્સવ માટે ઓડિશનની જાહેરાત આવી કેટલો સુંદર અને નવતર વિચાર ! વાર્ષિક રસોત્સવ અને એ પણ આપણી જ્ઞાતિના જ ભાઈ-બહેનો બાળકો દ્વારા સાથે મળીને નૃત્ય નાટીકા, ગરબા રાસ, ફિલ્મી ગીત, થીમડાન્સ, ભાંગડા, બાંબુડાન્સ અથવા સારી થીમ પર કાર્યક્રમ અને સાથે દાનનું વચન આપનાર દાતાઓનું સન્માન એક અનોખી નવતર કલ્પના. વડીલોના આર્શીવાદ અને સ્વપ્નદ્રષ્ટા પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીયા (બલબલ)ના નેતૃત્વમાં અને સાથી કાર્યકર્તાઓની અથાગ મહેનત અને પરિશ્રમની મદદથી જે દાનના પ્રવાહનો અવિરત ધોધ છલકાઈ રહ્યો છે. રજુ કરવામાં આવેલી દરેક સ્કીમો જેમકે આરોગ્યની હોય, શિક્ષણની હોય, કે કોમ્યુનીટી હોલની યોજના હોય. દરેક ટહેલ દાતાઓના દાનના ત્વરીત પ્રતિસાદથી છલકાઈ રહી છે. એ ખરેખર આપણા સમાજ માટે સીમાચિન્હ છે. સમાજ નવા નવા શિખરો સર કરી રહ્યું છે. દાન કરવાની સ્થિતિએ પહોંચવું એ ઈશ્વરની મહેરબાની હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ સમાજ માટે દાન કરે ત્યારે તેમાં એક મિશન પણ હોય છે અને એક વિઝન પણ હોય છે. યુવાનો, બાળકો અને સ્ત્રીઓની કલાને એક નવતર વિશેષ મંચ મળે અને વિરલ દાતાઓનું સન્માન પણ થાય એમા સમાજની ગરિમા પણ છે અને ગૌરવ પણ છે.

આજે જ્યારે સંયુક્ત કુટુંબની પરંપરા વિસરાતી જાય છે. ઘર મોટા થતા જાય છે અને લોકોના દિલ નાના થતા જાય છે. આવા સમયમાં જ્ઞાતિમિત્રો, વડીલો, કુટુંબીઓનું રૂપાંતર સ્વજનોમાં થાય એવા મંચની ખાસ જરૂર છે.

રસોત્સવમાં મળીએ ત્યારે એકવિશાળ પરિવાર જાણે ભેગો થયો હોય એવી લાગણી થાય. પરીખ, શેઠ, મોદી, કડકીઆ, કચેરીઆ, શાહ, ગાંધી, લાય, દલાલ, બનડા, દેસાઈ જેવી અનેક અટકો માત્ર એક નામમાં ફેરવાઈ જાય છે. - બાલાસિનોર

આમ છતાં પણ રવિવારની સુંદર રજા બગાડીને વહેલી સવારે કાર્યક્રમમાં નથી જવું ભાગ નથી લેવો આમ નક્કી કરીને કેટલાક લોકો મનમાં ગાંઠ વાળી લેતાં હોય છે. આમ કરીને તેઓ છેલ્લે તો પોતાની જ દોરી ટૂંકી કરી નાખતા હોય છે. કારણ તમે જુઓ તો મનોરંજનના માધ્યમો આંખો ને આંજે છે. જ્યારે સંસ્કૃતિનું માધ્યમ આપણા મનને આંજે છે. આપણી સંસ્કૃતિથી વંચિત રહેવામાં છેવટે નુકસાન તો આપણું જ થવાનું છે. બે- અઢી કલાકના કાર્યક્રમ પછી શ્રોતાઓ વડીલોના આર્શીવાદ, જ્ઞાતિમિત્રોનો પ્રેમ, પરિવાર, બાળકોની ખુશી ગાંઠે બાંધીને લઈ જતા હોય છે.

આ આધુનિક ટેકનોલોજીના જમાનામાં આપણે એસ.એમ.એસ, ઈમેઈલ, ફેસબુક, વોટસઅપ, ટવિટ્ર દ્વારા ભલે રોકેટ સ્પીડે પ્રગતિ કરતા હોઈએ પણ મિત્રો તમને નથી લાગતું ક્યાંક કશુંક ખૂટે છે ! કશુંક મીસીંગ

છે ! કશુંક આપણે હંમેશા ઝંખીએ છીએ !

બાળપણમાં આપણે જ્યા રહેતા એ મકાન, ગલી, શેરીઓમાં ગણેતોત્સવ, નવરાત્રી, દિવાળી, હોળી જેવા પર્વ સાથે મળીને મનાવતા. જન્માષ્ટમીમાં દહી હાંડી ફોડવાની, દશેરાએ રામલીલામા ભાગ લેવાનો. શાળાના વાર્ષિક મેળાવડામાં પણ હોંશે હોંશે ભાગ લેવાનો. દરેક ઉત્સવોની રાહ જોવાતી બધુજ જાતે કરવાનું પંડાલ બાંધવાના, ડેકોરેશન કરવાનું દરેક વ્યક્તિને પોતાની ક્ષમતા પ્રમાણેનો મંચ મળી જતો. રોજીંદા જીવનથી કંટાળી ગયેલા અને જીવનની આંટી ઘૂંટીમાં અટવાઈ ગયેલા માનવીને તહેવારો કે ઉત્સવોની ઉજવણી દ્વારા એક અનેરો લ્હાવો મળતો. ક્યાં બાળપણ પસાર થઈ ગયું એની ખબર જ ના પડી.

જ્યારે આજકાલ તો બાળકો ટી.વી., લેપટોપ, મોબાઈલ, ચેટીંગ માંથી જ ઉંચા નથી આવતા આપણી ભાતિગળ સંસ્કૃતિ અને પ્રાદેશિક સાહિત્યનો વારસો અને ખજાનો બહુ મુલ્ય છે. શું તમને નથી લાગતું કે આપણા બાળકો પણ આપણી જેમ આપણો આ અમુલ્ય વારસો જાળવી રાખે. તો એના માટે પ્રતિબદ્ધતા તો આપણે જ કેળવવી રહી. આપણા બાળકો ભલે માહિતિના ખજાનાનો ભરપૂર ઉપયોગ કરે સાથે સાથે આપણી સંસ્કૃતિ, સભ્યતાને પણ એટલી જ અપનાવે એ સમજ તો ખરેખર રસોત્સવ જેવા મંચ જ પૂરા પાડતા હોય છે.

નવયુવક સંઘે રસોત્સવના માધ્યમ દ્વારા જે આત્મીયતા જાળવવાનો પ્રયાસ કર્યો છે જે મંચ આપ્યો છે એ પ્રશંસનીય છે. કેમ કે તેમાં એકમેક પ્રત્યે લાગણી અને હૂંફ નો અનુભવ છે. તો ચાલો રસોત્સવ આયોજનમાં ઉમળકાભેર સહભાગી થઈએ. ઓડિશન માટે ગ્રુપ બનાવી એન્ટ્રી છલકાવી નાખીએ. ને સાથે મળીને પરસ્પર મૈત્રી, પ્રેમ અને ઉત્સાહપૂર્વક આવનારો રસોત્સવ માણીશું.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૬૨મો વાર્ષિક રસોત્સવ

જ્યોતીપુંજના ગત અંકમાં જણાવ્યા મુજબ આ ૬૨માં રસોત્સવની અંદર આપણી જ્ઞાતીના ભાઈ બહેનો સાથે મળીને વિવિધ થીમ પર પ્રોગ્રામ કરવાના છે. જેમાં ઉમંરની મર્યાદા ૧૨ થી ૪૫ વર્ષ સુધીની જણાવવામાં આવી હતી એની જગ્યાએ ઉંમરની મર્યાદા ૧૨ થી ૫૦ વર્ષ સુધીની રહેશે. જેની સર્વે ભાઈ બહેનોએ નોંધ લેવી.

| મંત્રી | સંયોજક | કો.ઓરડીનેટર |
|---|---|---|
| **શ્રી ભાવેશ મોદી** | **શ્રી સમીર ગાંધી** | **શ્રી સૌમીલ મોદી** |

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

શ્રી નલિન કાન્તીલાલ ધારીઆ તરફથી રૂા. ૨૫,૦૦૦/-નું માતબર દાન સંસ્થાને પ્રાપ્ત થયું છે તે બદલ સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

## મુક્તકઃ

**- સતીશ ભી. પરીખ (રોકડીયા)**

સાકાર કરવા સ્વપ્નને,
મજબૂત મનોબળ જોઈએ,
તન, મન ને ધન સકળ,
સર્મપિત કરવું જોઈએ,
મન હોય તો જવાય માળવે
ન્યાયે આ ભવે, સિદ્ધિ સાંપડે,
PK સરીખા સ્વપ્નદૃષ્ટા
વાડસોલમાં જ જન્મી શકે.

# બાલાસિનોર કે.એમ.જી. નજરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પ યોજવામાં આવેલ

૧) શ્રીમતી કોકીલાબેન જયંતીલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ :
ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, બાલાસિનોર શાખા, લાયન્સકલબ તથા જેસીસ ઓફ બાલાસિનોરના સહકારથી આપણી હોસ્પિટલમાં તા. ૬-૭-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૮ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. નડીયાદ બ્લડ બેંકના સ્ટાફનો સહયોગ મળેલ. બધા જ રક્તદાતાઓને કે.એમ.જી. હોસ્પિટલ તરફથી પુરસ્કાર આપવામાં આવેલ.

૨) શ્રીમતી ભારતીબેન અશોક કાંતીલાલ પરીખ (તાતીયા) શ્વાસના રોગોનો નિદાન કેમ્પઃ
તા. ૧૮-૭-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૮ દર્દીઓએ લાભ લીધેલ. જરૂરીયાતવાળા દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં સીપ્લા કંપનીમાંથી બે પ્રતિનિધિઓ હાજર રહેલા અને આ અંગે દર્દીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડેલ.

૩) તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ કીડનીના રોગોનો નિદાન કેમ્પઃ
આ કેમ્પમાં અમદાવાદના ડૉ. કંદર્પ પરીખે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૫૫ દદીઓ નોંધાયેલા. તમામ દર્દીઓને તપાસી ૩ દર્દીઓને પ્રોસ્ટેટ તથા ટી.એચ.આર.એમ. અર્થે રીફર કરવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

૪) મોઢા અને ગળાના કેન્સરનો નિદાન કેમ્પઃ
આ કેમ્પમાં ડૉ. નિરવ ત્રિવેદીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૩૬ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓને તપાસી જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ તથા એક દર્દીને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ.

૫) કરોડરજ્જુ અને મણકાને લગતા રોગોનો નિદાન કેમ્પઃ
આ કેમ્પમાં અમદાવાદના ડૉ. હિતેશ મોદીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૭૧ દર્દીઓ નોંધાયેલા તમામ દર્દીઓને તપાસેલા. તેમજ જરૂરીયાતવાળા ૬ દર્દીઓને વધુ સારવાર એમ.આર.આઈ. માટે રીફર કરવામાં આવેલ જરૂરીયાતવાળાને ૪૦ એક્ષ રે રાહતદરેથી કરવામાં આવેલ.

૬) હૃદયરોગને લગતા દર્દોનું નિદાનઃ
આ કેમ્પમાં આપણી હોસ્પિટલના ફિઝીશીયન ડૉ. પી.કે.ત્રિપાઠી તથા ડૉ. વિરલ પટેલે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૧૬ દર્દીઓ નોંધાયેલા તમામ દર્દીઓને તપાસેલા. ૧૦ દર્દીઓની ઈ.સી.જી. ફ્રી કરવામાં આવેલ.

ઉપરોક્ત વિવિધ કેમ્પમાં કુલ ૭૫ દર્દીઓને દસ દિવસની રૂા. ૪૪૫૨/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**માનદ્ મંત્રીઓઃ શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

## એક પ્રતિસાદ

- સુધાબેન પી. કે. શાહ

બાલાસિનોર નવયુવક સંઘના જુલાઈ માસના અંકમાં Community Hall માટે **રૂા. ૧ કરોડ**ના દાન માટેની અપીલના ઉત્તર રૂપે અમે તે Offer સ્વીકારી છે. તે માન્ય રાખવા બદલ અમે નવયુવકસંઘના આભારી છીએ.

ઓગસ્ટ માસના અંકમાં વિગતવાર અહેવાલ પ્રગટ કર્યો છે. આ સમાચારની જાણ થતાં અમને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વડીલો, મિત્રો તથા શુભેચ્છકોના અભિનંદનના મુંબઈથી તથા દેશ પરદેશથી અનેક સંદેશા પ્રાપ્ત થયા છે. તે સર્વેનો વ્યક્તિગત આભાર માનવો અશક્ય હોવાથી જ્યોતિપુંજ દ્વારા અમે બધાનો ખૂબ જ આભાર માનીએ છીએ.

પ્રભુકૃપા, વડીલોના આશીષ, તથા હિતેચ્છુઓની શુભેચ્છાઓથી અમને આ દાન કરવાની પ્રેરણા મળી છે. પ્રભુએ અમને નિમિત્ત બનાવ્યા તે જ પ્રભુનો પાડ.

આશા રાખીએ કે નવયુવક સંઘે હાથ ધરેલ આ Project પૂર્ણ કરવા માટે સર્વે બાલાસિનોર વાસીઓ પૂરો સાથ સહકાર આપે અને આ કાર્ય જલદી પાર પડે.

જે દિવસે આપણે બધા આ કોમ્યુનીટી હોલમાં સાથે બેસી કોઈ મહાનુભવના આશીર્વચન પ્રાપ્ત કરવાનો શુભ આરંભ થશે તે દિવસ આપણા બધા માટે મંગળમય દિવસ હશે. પુનઃ સર્વેનો આભાર.

**પ્રીઅજેને ના જે જે શ્રી ગોકુલેશ.**

# મૃત્યુ

**સમય જીંદગીનો ઓછો હતો એ કયાં ખબર હતી.**
**વિદાય (તારી) તું અણધારી હશે ક્યાં ખબર હતી.**
**સમય વિતી તો જશે પણ યાદ તારી અમારા હૃદયમાં રહેશે.**

સદ્‌ગતના આત્માને પરમાત્મા શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

દુઃખથી કદી ડરી નહી કપિલા!
સુખ કદી છલકાવીયુ નહી કપિલા!!
વ્યવહાર કદી ચૂકી નગી કપિલા!!!
ધર્મ કદી ભૂલી નહી કપિલા!!!!
સૌના હૃદયમાં વસતી રહી કપિલા!!!!!

ફોટોમાં સદાય ચહેરો હસતો રાખવો પડે છે.
જ્યારે સાચી જીંદગીમાં કેટ કેટલું દુઃખ હોય છે.

આમ જુઓ તો પાછળ વાળા કેટ કેટલા દુઃખમાં દિવસો વિતાવતા હોય છે અને આમ જુઓતો માણસ જ્યારે જન્મે છે ત્યારથી જ એનુ અને એના મૃત્યુનું અંતર ઉત્તરોત્તર ઘટતું જ જાય છે. ઘટતું જ જાય છે. એ અમને ખબર પણ પડતી નથી. પરંતુ આ અંતરનો સૌથી વધારે ખ્યાલ તો ત્યારે જ આવતો રહે છે જ્યારે આપણે મૃત્યુની વયની નજીક પહોંચીએ છીએ અને દુર માનવ (માનવી) મૃત્યુને સગી આંખોએ મૃત્યુનો અનુભવ કરે છે પણ કદી કહી શકતો નથી. આ સત્ય છે. મે મારી ધર્મની પત્નીનું મૃત્યુ મારી નજર સામે થતું જોયું પણ હું આ સમયે એ શું કરૂ જેટલું કરવાનું હતુ એ બધુ મે કરયુ પણ અંતે તો ધાર્યુ ધણીનું થાય છે. જેવી ભગવાનની મરજી. જીંદગીની લાઈન ઓછી હતી હવે અમને ભગવાના ઘરે જવાનો રસ્તો સામે દેખાતો હતો. જીવન એટલે ધબકારા. મૃત્યુ એટલે ધબકારાનું શમન। પરંતુ આપણે જીવીએ છીએ એટલે શું જીવીએ છીએ। આપણે શ્વાસોને જીવતા નથી આપણે આપણી ઈચ્છાઓ, વાસનાઓ, સપનાને જીવીએ છીએ. પોતાની ઈચ્છા છોડવી એટલે ઈશ્વરની ઈચ્છાને કબૂલવી. ભગવાન ઈશુએ પણ છેલ્લે છેલ્લે કહયું. Let fly will be done. તારૂ ધાર્યુ થાઓ! આ ઈશ્વરની ઈચ્છાને જોવી, ને સમજવી પચાવવી એ અત્યંત કપરી, પરંતુ સુંદર સાધના છે. મૃત્યુને જો પહેલાથી જ એની ઈચ્છાનું શરણ થઈ લેવુ તેમાં શાણપણ નથી? ઈશ્વરની ઈચ્છાને વશ થવામાં આપણી અસ્મિતા ઝાંખી પડશે? મૃત્યુ એટલે જીંદગીનો અંત નહી પણ એક નવા જન્મની શરૂઆત સમજવી. હરેક વસ્તુને એક ને એક દિવસ અંત છે. પણ નવી વસ્તુને આવા જુના માનવી વિદાય લેશે તો નવા માનવીઓ આ ફાની દુનિયામાં આવશે. આજે જે આવેલ છે એક દિવસ જવાના જરૂર છે. અને નવા આવનારને પણ એક દિવસ જવાનું જરૂર છે. અમર અહીં કોઈ છે જ નહી. રાવણ જેવા રાવણને જવું પડયું, રામના હાથે ભીષ્મ પિતામાને પણ જવું પડયું. ઈચ્છા મૃત્યુનું વરદાન આ બન્ને પાસે હતુ. છતા પણ સમય એ સમયનું કામ કરીને બતાવ્યું. અગર જન્મ સરવાળો છે તો મૃત્યુ બાદબાદી છે. જીંદગી આમને આમ ચાલવાની ચાલશે. પહેલા જન્મ પછી મૃત્યુ અરે ગોળ ગોળ ફરતું રહેવાનું ક્યારે પણ અફશોશ કરવો નહી. દુઃખ જરૂર આવશે અને સમય મલમ લગાવી દુઃખને ભૂલાવીને વર્તમાનમાં જીવવાની દવા આપશે અને જીવવું પડશે! જ્યાં સુધી જીવવાનું લખેલ છે ત્યાં સુધી જીવવું પડશે. દરેક માનવીને મરણની તારીખ ખબર નથી પણ હું કહું છું કે માનવી જરા મહેનત કરે તો જન્મની તારીખમાં જ તેની અંતની તારીખ આવેલ છે. આ સમજવાની રીત એક દમ સહેલી છે. જરા ગણીતને મગજથી કામ લેશો તો ખબર પડશે જન્મની તારીખ તો યાદ હશે હવે ઘરના ગયેલા લોકોની મૃત્યુ તારીખ અને જન્મ તારીખ લખી જોશો તો જરૂર ખબર પડશે. ગણિત ની કરામત છે. સમજવી બહુ સહેલી છે. મહેનત કરો ભણી શકશો દા. ત. મારા પિતાની જન્મ તા. ૧૭-૫-૧૯૨૨ હતી ને અંતિમ તા. ૩-૩-૧૯૯૩ જુઓ તારીખની રીત કપિલાની જન્મ તા. ૨૨-૧૦-૧૯૫૯ અને અંતિમ તા. ૨૧-૫-૨૦૧૩ વહુ કપિલા જીવી ગઈ યુવાનીમાં જીંદગી માની ગઈ બીજાને વિચાર કરાવતી ગઈ. સેવા આપી પણ સેવા લીધી નહી બધાને કામમાં આવતી અંતમાં કોઈને કાંઈ કામ કીધુ નહી અને શ્રીજીના ચરણમાં જઈ બેસી તું હું તારા આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના કરીશ પ્રભુને.

**નયન જય શ્રી કૃષ્ણ**

**સુખમાં અને દુઃખમાં સદા યાદ રાખો**
**આપણ કાયમ ટકવાનું નથી**
**જીવનના રંગ તો બદલતા જ રહે છે.**

**- નયન**

# BALASINOR VIDYA MANDAL manages ARTS & COMMERCE COLLEGE at BALASINOR

Tel : 02690 - 266079 / 267301 Telefax: 02690 - 267915
Website: www.balasinorcollege.com, E-mail: info@balasinorcollege.com

**Result**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| B.A.Sem-1 | | B.Com Sem-1 | B.A.Sem - 1 | 769 | B.Com Sem-1 | 186 |
| B.A.Sem-2 | | B.Com Sem-2 | B.A.Sem-2 | | B.Com Sem-2 | |
| B.A.Sem-3 | | B.Com Sec-3 | B.A.Sem-3 | 617 | B.Com Sem-3 | 143 |
| B.A.Sem-4 | | B.Com Sem-4 | B.A.Sem-4 | | B.Com Sem-4 | |
| B.A.Sem-5 | | B.Com Sem-5 | B.A.Sem-5 | 645 | B.Com Sem-5 | 110 |
| B.A.Sem-6 | | B.Com Sem-6 | B.A.Sem-6 | | B.Com Sem-6 | |
| M.A.Sem-1 | | M.Com Sem-1 | M.A.Sem-1 | 447 | M.Com Sem-1 | 46 |
| M.A.Sem-2 | | M.Com Sem-2 | M.A.Sem-2 | | M.Com Sem-2 | |
| M.A.Sem-3 | 86% | M.Com Sem-3 | M.A.Sem-3 | 64 | M.Com Sem-3 | |
| M.A.Sem-4 | 55.55% | M.Com Sem-4 | M.A.Sem-4 | | M.Com Sem-4 | |
| | | | **Total** | **2542** | **Total** | **485** |

| M.A. | Hindi | English | Sanskrit | Gujarati | History | M.Com.Part-46 |
|---|---|---|---|---|---|---|
| Part I | 48 | 77 | 124 | 121 | 77 | M.Com Part-II |
| Part II | | | | | | M.Com witj one subject i.e. Advanced Accountancy |

M.A.with Five Subjects: Gjuarati, Hindi, English, Sanskrit & History
No. of Working Days during the last Acadamic Year-217 Days.

| Sanctioned Students Strength Per Div. | | Enty Qualification |
|---|---|---|
| UG | 130 to 180 | HSC Pass |
| PG | 100 | B.A./B.Com |

**Students Rolated Walfare Activities**

1) Distribition of Exerise Book a Subsidised Rates (2) Book Bank (3) Fees Aid to the deserving Students (4) Decent Folders to the P.G.Students (5) Substantial Paritoshik to the Merit students

Modern Landuage Laboratory with 32 Booths with Computerised Projector & Digital Education & Learning Lab (DELL) with 25 Computers Estabilised by Govt.

Two Advanced Computer Laboratories for 85 students with 85 Computers LCD Projector, Server Room, Traning Room & ODOLD (on Demand Online Exam.) Centre with 100 Computers with Networking. Printing & Scanning Facilities to be extablished by Govt.

## મૃત્યુ

- સરલાબેન દેસાઈ (દેડકી)

મન બુધ્ધિને કરો તૈયાર
ક્યારે આવશે તારે દ્વાર.
અહિ આગળ પાછળ કોણ
જાશે ? કોણે જાણ્યું ?
આગળ વાળો રોતા મુકશે.
પાછળનો છે વારો.
મન મુકીને રડી લે જો.
તમારો છે વારો.
માયાના બંધન છોડી દેજો.
સુખી થાશે જન્મારો.
વાણી વર્તન સારી રાખશો
તો ગાદી છે સુવાળી.
કંટક બનીને જાશો ના,
ફુલ બનીને ફોરતો જા

## વર્તમાન પરિસ્થિતિ પર કવિતા

## અફવા તો એવી હતી કે

- રૂપેશ પરીખ

પડોસમાં રહેતા સુમિત્રાબેને કરિયાવરમાં એક truck ભરીને ડુંગળી માંગી,

સરકારે બળાત્કારીઓને ફાસીની સજા ફરમાવી,

સચિને Cricket માંથી નિવૃત થવાનું વિચાર્યુ.

રૂપિયાને વધુ ગગડતો અટકાવવા સરકારે Swiss bank માં રહેલા કાળા નાણાને દેશભેગા કરવાનું ઠરાવ્યું.

Robert ગાંધી Sorry Vadhera ને ત્યાં પુત્રજન્મ થયો ને એને ભષ્ટ્રાચારને નાબુદ કરવાનું થાન્યું.

અને છેલ્લે

ભારતની એક અબજની પ્રજા એ નાત, જાત કે ધર્મ ની પરવા કર્યા વગર ભેગા થઈ કંઈક નક્કર કરવાનું વિચાર્યું.

## દિવાળી નિમિત્તે બાલાસિનોર મુકામે જમણવાર

દિવાળીના શુભ પર્વમાં વતન ખાતે વાડાસિનોર દશાનીમા વણીક વાડીમાં વાઘબારસ તા. ૩૧-૧૦-૨૦૧૩ થી ભાઈબીજ ૫-૧૧-૨૦૧૩ સુધી સવાર, સાંજે જમવાની વ્યવસ્તા રાખવામા આવી છે. જેમણે આ વ્યવસ્થાનો લાભ લેવો હોય તેઓ નીચે જણાવેલ વ્યક્તીઓનો સંપર્ક કરવો.

**મુંબઈ ખાતે :**

**શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી - ૯૯૨૦૨૧૩૪૨૬**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ- ૯૮૨૦૩૩૧૫૩૫**

**વતન ખાતે :**

**મયંક આર. કડકીઆ -૯૮૨૫૫૨૬૬૯૦**
**પ્રિયકાંત કીર્તનલાલ દેસાઈ -૯૯૭૯૩૫૭૩૧૧**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ (નારાયણ ધ્રુવ સ્ટ્રીટ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**




**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (સુરેન્દ્ર એન્જી કોર્પોરેશન), શ્રી દક્ષેશભાઈ અને શ્રી મીનીષભાઈ બાબુલાલ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરિક રમત-ગમતના ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહેલા દાતા શ્રી સુરેન્દ્રભાઈ પરીખ, શ્રી દક્ષેશભાઈ કડકીઆ અને શ્રી મીનીષભાઈ કડકીઆ તથા સંઘના હોદેદારો, પ્રમુખઃ શ્રી કલ્પેશ ધારીઆ, ઉપપ્રમુખ : શ્રી સૌમીલ મોદી, મંત્રી : શ્રી ભાવેશ મોદી, સંયોજક : શ્રી સંજય શાહ અને સાથી કાર્યકર્તા.**

**બાલાસિનોર નવયુવક સંઘ**

## જ્યોતિપુંજ અંગે અગત્યની જાહેરાત

લેખકો અને કવિઓને નમ્ર વિંતી કે તેમના લેખો અને કવિતાઓ ટૂંકાણમાં આપે.
સહુ સંસ્થાઓના મંત્રીઓને પણ વિનંતી કે તેમની વાર્ષિક સામાન્ય સભાના અહેવાલ સારાંશમાં આપે.
આપના સાથ અને સહકારની અપેક્ષા.

**મંત્રી : ભાવેશ બીપીન મોદી.**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘનીશ્રીજી મેડીકલેઈમ યોજના અંગેની માહિતી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની મેડીકલેઈમ યોજના હેઠળ સંસ્થા દ્વારા મેડીકલેઈમ પ્રીમીયમમાં કુટુંબની વાર્ષિક આવકના ધોરણે રાહત આપવામાં આવશે.

૧)આ યોજનામાં ભાગ લેનાર કુટુંબના સભ્ય દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની મેડીકલેઈમ આવરી લેવામાં આવશે. આનાથી વધુ રકમનો મેડીકલેઈમ લેવો હોય તો પણ છુટ છે, પરંતુ સંસ્થા વ્યક્તિ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- નો મેડીકલેઈમ કવરેજ માટેના પ્રીમીયમમાં રાહત આપશે જેની નોંધ લેવી.

૨)આ યોજનામાં લાભ લેવા માંગતા હોય કે લેતા હોય તેમને પોલીસી રસીદ અને પોલીસીની કોપીની ઝેરોક્ષ સંયોજક અથવા સંસ્થાની ઓફિસમાં સંસ્થાનું ફોર્મ ભરીને ૬૦ થી ૭૫ દિવસમાં મોકલી આપવાની રહેશે.

આ યોજનાનો મુળ હેતુ વધુને વધુ કુટુંબને મેડીકલેઈમ લેતા કરવાનો છે.

જે આપના કુટુંબીજનો ઉપર આવતી શારિરીક આફતો સાથે આર્થિક બળ પુરુ પાડશે.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક : નીલેશ નવનીતલાલ દેસાઈ - ૮૦૮૨૪૩૨૩૦૧**

**ઘર : ૨૮૯૨૬૪૯૧**

**ઓફીસ : ૨૨૦૮૮૯૬૫/૩૦૭૨૫૭૩૮**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની ૫મી બેઠક શ્રી દક્ષેષ બા. કડકીઆના પ્રમુખ પદે તા. ૩-૮-૧૩ શનિવારના રોજ સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) મિટિંગ રૂમ, પ્રગતિ સમાજ, મુંબઈ-૨ ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની ચોથી કારોબારી સમિતિની મીનીટ્સનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી. મંડળ તથા ટ્રસ્ટના ઓડીટેડ એકાઉન્ટસ વાંચી સંભળાવ્યા હતા. ગર્વનીંગકાઉન્સીલ, મેડીકલ રિલીફ, શ્રીમતી પુષ્પાબેન આર. કડકીઆ અપલીફટમેન્ટ સોસાયટી યોજના.

શ્રી જતિન એન. દેસાઈ મુક્તિધામ યોજના તથા મેમ્બર રિલેટેડ સમિતિના રીર્પોટ રજૂઆત કરવામાં આવ્યા હતા. મંડળ તથા ટ્રસ્ટના વર્ષ દરમિયાન આવેલ ડોનેશનની વિગત આપવામાં આવી હતી. ટ્રસ્ટની ૩૪મી તથા મંડળની ૮૫મી વાર્ષિક સભા તા. ૨૦-૯-૨૦૧૩ સાંજના ૭.૩૦ વાગે, એસ.કે.મેમોરીયલ હોલ, હિન્દી વિદ્યા ભવન ગ્લોબલ એકેડેમી, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦ ખાતે રાખવામાં આવેલ છે. તેને મેમ્બર ભાઈઓએ બહુમતી આપી હતી. મંડળ તથા ટ્રસ્ટના એન્યુઅલ રીર્પોટ (મંત્રી નિવેદનો) વાંચી સંભળાવ્યા હતા. અને મંજુરી મળી હતી. Dr. Moghe સેન્ટર ખાતે નવા G.P. સાથે હેલ્થ પેકેજ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૩ મેમ્બરો હાજર રહ્યા હતા. ૩ મેમ્બરની લીવ આવી હતી. ભોજનને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

**AGM : તા. ૨૦-૯-૨૦૧૩ ૭.૦૦ કલાકે સ્થળ : હિંદી વિદ્યાભવન મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨.**

**મંત્રીઓ : શ્રી પરેશ આર. પરીખ, , શ્રી કીરીટ આર. ધારીઆ.**

# શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર

**પ્રિય જ્ઞાતિજનો,**

આપ સૌના સહકારથી આપણા જ્ઞાતિજનોના લાભાર્થે આપણા મેડિકલ સેન્ટરના વર્તમાન ચાલુ દર કરતાં વધુ ઓછા અને Subsidised - discounted rate પર દરેક પ્રકારના MRI, Test નું ખૂબજ આધુનિક મશીન અને ઉમદા વૈજ્ઞાનિક પદ્ધતિથી સચોટ નિવારણ **ભાટિયા હોસ્પિટલ** તારદેવ ખાતે કરવામાં આવેલ છે.

આ સાથે આપ સૌની સુવિધા માટે આપણા મેડિકલ સેન્ટરમાં આર્થિક રાહત દરે Eco Health Pakage અને Total Body Profile Tests ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

સામાન્ય રીતે હોસ્પીટલ અને મેડિકલ Institution માં એક Common Health Pakage કે Body Profile હોય છે જે આર્થિક રીતે ખૂબજ મોંઘુ હોય છે અને મોટે ભાગે દરેક વ્યક્તિને આમાના બધા જ Tests ની જરૂર પણ નથી હોતી. દરેક વ્યક્તિને ઉંમર દીઠ અલગ અલગ Health Pakage ની આવશ્યકતા પડે છે. દા.ત. સામાન્ય રીતે X-Ray for Knee Joint કે Spine ની જરૂર લગભગ ૪૦ વર્ષની વય પછી જ પડે છે કે મહિલાઓ માટે Mammography ની જરૂર પણ ૪૦ વર્ષ પછી જ અનિવાર્ય છે એ પૂર્વ માત્ર Sono mamography લાભદાયક છે વિગેરે વિગેરે.

આથી ખૂબ જ ચોકસાઈથી અભ્યાસ કરીને આપ સૌના શારિરીક સ્વાસ્થ્ય માટે માત્ર યર્થાથ મેડીકલ ટેસ્ટ્ કરાવવા આપણા મેડિકલ સેન્ટરમાં Discounted Health Pkg અને Body Profile ની સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે જેમાં

૧) ૧લી Visit માં MBBS Doctor દ્વારા Personal Check-up.

૨) B.P. Weight, Height, BMI, BET, etc.

૩) 2nd Visit માં ઉંમર દીઠ
૧૫-૨૦ પેથોલોજીકલ ટેસ્ટ (Blood Urine etc.)
૪-૬ રેડીઓલોજીસ્ટ ટેસ્ટ (X-ray Sonography etc.)
૨-૪- કાર્ડીએક ટેસ્ટ (ECG 2D Echo etc.)

4) 3rd Visit માં MBBS Doctor દ્વારા Medical રિપોર્ટનું follow up & advice.
જે ઉંમર દીઠ રૂા. ૨૮૦૦ થી રૂા. ૫૩૦૦ માં ઉપલબ્ધ છે.

૫) આ ઉપરાંત BMD Dexa & Test રાહત દરે રૂા. ૧૧૦૦માં કરવાની સગવડ કરવામાં આવી છે.

આપણા સમાજના ડૉકટરોને એમના દર્દીઓ માટે અને જ્ઞાતિજનોને આ સેવાનો લાભ લેવા વિનંતી.

ફોન નં. : ૨૩૬૭૦૧૬૯

મેડિકલ સેન્ટરની આ Health Pkg નું આયોજન કરવા તથા અમૂલ્ય સલાહ સૂચનો અને સહકાર આપવા પ્રમુખ શ્રી દક્ષેષ કડકીઆ, સેવાભાવી ઉશ્નસ કચેરીઆ અને માનનીય સુપી. ડૉ. અક્ષય સેવકનો ખૂબજ મોટો ફાળો રહ્યો છે.

**Kinnari Mody Sevak**
**(Hon Med Adm)**
**For V.DNM med cent.**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## 'આયો સાવન સુહાવનો'

'આયો સાવન સુહાવનો' કાર્યક્રમ પ્રેમપુરી આશ્રમમાં તા. ૩૧-૮-૨૦૧૩ના રોજ બપોરે ૩ વાગે રાખવામાં આવ્યો હતો. શ્રાવણમાસનાં ઉત્સવોની સાથે પુષ્ટિમાર્ગના પાંચે તત્વો કેવી રીતે સંકળાયેલા છે. તેનું સુંદર શૈલીમાં શ્રીમતી સુરેખાબેને રસાસ્વાદ કરાવ્યો હતો. આ પ્રોગ્રામ માટે મુખ્ય મનોરથી એક વૈષ્ણવબેન તરફથી રૂા. ૧૫,૦૦૦/-નું ડોનેશન મળ્યુ હતુ. સંસ્થા તેમનો તેમજ તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે. આ કાર્યક્રમમાં હિંડોળા ભરવાની હરિફાઈ રાખવામાં આવી હતી. બધી બહેનોએ સુંદર હિંડોળા સજાવ્યા હતા. પહેલું ઈનામ સોહિણી કડકીઆ અને બીજું ઈનામ રાગીણી શેઠને આપવામાં આવ્યું હતું અને સૌ હરીફબહેનોને પણ ગીફ્ટ આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં વૈષ્ણવો હાજર રહ્યા તે બદલ સૌનો આભાર.

### આગામી કાર્યક્રમો

દાંડિયારાસનો કાર્યક્રમ Dream Event Orchestra ના તાલે તા. ૨૬-૧૦-૨૦૧૩ને શનિવાર બપોરે ૨.૩૦ કલાકે હિંદી વિદ્યાભવનનાં હોલમાં રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમના લહાણીના પાસના રૂા. ૮૦ અને નાસ્તાના રૂા. ૫૦ રાખવામાં આવ્યા છે. પાસ સંસ્થાની ઓફીસમાં બપોરે ૩ થી ૪ તા. ૩-૧૦-૨૦૧૩ને ગુરૂવારે આપવામાં આવશે તેમજ કમિટી બહેનો પાસેથી મેળવી શકશો. સભ્યકાર્ડ લાવવું જરૂરી છે.

સ્નેહ સંમેલનનો કાર્યક્રમ તા. ૧૨-૧૧-૨૦૧૩ મંગળવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે Tejpal Auditorium માં રાખવામાં આવ્યો છે. પાસના રૂા. ૬૦ રાખવામાં આવેલ છે. પાસ તા. ૨૧-૧૦-૨૦૧૩ને સોમવારે બપોરે ૩ થી ૪ કલાકે સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે તેમજ કમિટિ બહેનો પાસેથી મેળવી શકશો. એક મેમ્બરને ચાર પાસ આપવામાં આવશે. સભ્યકાર્ડ લાવવું જરૂરી છે.

**સંયોજક : પ્રતિમા કિરીટ ધારીઆ**
**૯૮૨૦૧૫૨૬૪૪**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ)**
**દિવાળી પર્વ આર્થિક રાહત યોજના**

સતત ત્રીજા વર્ષે આર્થીક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૨૫-૧૧-૨૦૧૩ ના રોજ થી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતે થી કામકાજના સમયે ૧૨ થી ૬ દરમ્યાન સહાય આપવામાં આવશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાન્ત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**
**સંયોજક : શ્રી દીપક નવનીતલાલ શાહ**

# દિવાળી બક્ષિશ

૧૯૯૩ના વર્ષથી અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ દિવાળી પર્વ નિમિત્તે રૂા. ૫૦૦/- ની સહાય એક દાતા તરફથી સતત એકવીસ વર્ષથી આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આ સહાય આપવાની છે. મુબઈમાં વસતા કુટુંબોને તા. ૨૫-૧૧-૨૦૧૩ના રોજથી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના દિવસોમાં ૧૨ થી ૬ ના સમયમાં આપવામાં આવશે.

મુંબઈની બહાર વસતા કુટુંબોએ મનીઓર્ડરથી સહાયની રકમ મોકલવામાં આવશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાંત કડકીઆ મારફતે આપવામાં આવશે.

સતત એકવીસ વર્ષથી આવી સહાય આપનાર અનામીદાતાને અભિનંદન.

**- રજની લટકારી**

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલાં

**૧ સનીલ નીખીલ પ્ર.દેસાઈ (દેડકી)**
પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન સ્પોર્ટસ મેનેજમેન્ટ કોર્સમાં ૭૮ ટકા સાથે બીજી રેંક પ્રાપ્ત કરેલ છે.

**૨ શ્રી યતીન કીર્તનલાલ દેસાઈ (પડાલવાળા)**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
ચેમ્બર ઓફ ટેક્સ કન્સલટન્ટના
પ્રમુખ પદે ચૂંટાયેલા છે.

**૩. અતીત અમિતભાઈ ધારીઆ (શહેરાવાળા)**
**M.D. Medicine માં First - Class માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે**

**સંસ્થા વતી બધાને અભિનંદન.**

## નવા સરનામાં

1. **Dr. Kiran J. Gandhi**
7/2, Meherabad,
Bhulabhai Desai Road,
Mumbai - 400026
Tel No.: 022-23634587/23634582

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| રજનીકાન્ત જેઠાલાલ ગાંધી (લોઢાવાલા) | ૮૧ |
| નિરંજનાબેન જંયતીલાલ કડકીઆ (બનડા) | ૭૭ |
| પ્રેમીલાબેન હરીશભાઈ દેસાઈ (દેડકી) | ૭૩ |
| કનૈયાલાલ ભીખાલાલ કડકીઆ (હાલોલવાળા) અમેરિકા | ૭૫ |
| રાજેશભાઈ ઓચ્છવલાલ દોશી (હુવર) | ૫૬ |
| સમીર ચંદ્રકાંત પરીખ (બખલી) | ૪૮ |
| કુસુમબેન ગોપાલદાસ પરીખ (સુબા) | ૮૨ |
| કુસુમબેન બીપીનચંદ્ર ઝવેરી (અમદાવાદ) | ૭૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## ભગેશ કડકીઆનું વિશ્વભ્રમણ

અનંત પથ યાત્રાનો સાહિત્ય જગતમાં એક સુંદર પુસ્તકનો ઉમેરો થયો છે. અમેરિકા, ન્યુ જર્સીમાં વસતા ભગેશ કડકીઆએ પ્રવાસના, ભ્રમણના, સાહસના, શોખને તેમના પુસ્તક દ્વારા સાર્થક કર્યો છે.

લેખકે યાત્રિક બની વિશ્વને નિહાળ્યું છે. સૃષ્ટિના બાહ્ય સૌંદર્યને પીતાં પીતાં ભીતરના જગતને પણ એમણે ઢંઢોળ્યું છે. તેથી જ આ પ્રવાસ એમને મન છે અનંત પથની યાત્રા. દરેક સ્થળનાં ઈતિહાસ સાથે નકશાઓ, ફોટો, રેખાચિત્રોથી પુસ્તક સમૃદ્ધ બન્યુ છે.